

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ઘરમાં તો પ્રજા લડે છે, સીમા પર તો કૈંક કરો!*
*સંક્રમણ થાય પ્હેલાં આક્રમણનું તો કૈંક કરો!*
*કૈંક તો કરો ! ગાંધી થયા વિના, આતંકને દો દંડા -*
*રોજ લે છે ભોગ, કાશ્મીરી કોરોનાનું તો કૈંક કરો!*

**હાઈકુ**

*ધીરજ ધરો !!*
*આતંકી પીડા પણ -*
*કરો સહન!!*

*સીમા સડાની -*
*'સ્વચ્છતા હિમાયતી' -*
*કરો સફાઈ...*

### ચિંતન

***નામ રસાયન પ્રેમ રસ, પીવત અધિક રસાલ;***
***કબીર પીબન દુર્લભ હૈ, માંગે સીસ કલાલ.***

ઉપરોક્ત સાખી કહતકબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે મદ્યપાન કરનારા દારુડિયાને બીજા કોઈ પણ રસનો સ્વાદ જ્યારે તે મદ્યપાન કરે છે ત્યારે તે દારૂ સામે તુચ્છ અને બેસ્વાદ લાગે છે. કારણ કે ત્યારે તે તેમાં એટલો મગ્ન થઈ જાય છે કે બીજા રસોથી અધિક સ્વાદ તેમાં જ માણે છે અને અનુભવે છે તે પ્રેમરસ પીતી વખતે અધિક સ્વાદનો આનંદ અનુભવાય છે. પરંતુ કબીર કહે છે કે એ રસ પીવો અતિ દુર્લભ છે. કારણ કે ગુરુ કે પરમેશ્વરરુપી કલાલ એ પ્રેમરુપી નામ રસને સાટે તમારું શીશરુપી અભિમાન માગે છે. પરમેશ્વરની આ માગણી પૂરી કરી જે ભક્ત સમર્પિત થાય છે તે આ દુર્લભ રસનું પાન કરી તેનો અધિક સ્વાદ માણી ભવસાગર તરી જાય છે.

### સુવિચાર

- રોગી મનનો ચેપ શરીરને લાગ્યા વગર રહેતો નથી - **સંત રોબિન**
- રડવામાં અમુક આનંદ છે, કેમ કે, આંસુઓથી દુઃખ સંતોષ પામે છે, રાહત અનુભવે છે - **જનકલ્યાણ**
- ઈશ્વરની અશક્તિ માણસના સામર્થ્ય કરતાં વધારે શક્તિશાળી છે - **ઓશો**
- નગારું બરાબર ન વાગે તો લડવા માટે કોણ તૈયાર થશે? - **ઈટાલીયન કહેવત**
- સુરક્ષિત હોવા છતાં સાવધ રહે છે તે વ્યક્તિ ભયમુક્ત રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ધનલક્ષ્મી તેને સહાય કરે છે જેનો નિર્ણય વિવેકપૂર્ણ છે - **ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : દહીંમાં થોડો મરીનો ભુક્કો અને ગોળ ભેળવીને ખાવાથી શરદીમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બુદ્ધની જ્ઞાન સભામાં એક શ્રીમંત શેઠ આવ્યા. તેઓએ બુદ્ધને પોતાના ઘરે જમવાનું આમંત્રણ આપ્યું. બુદ્ધે કહ્યું, 'હું જરૂર આપને ત્યાં આવીશ પણ ફક્ત તાજું જ ભોજન ગ્રહણ કરીશ.' શેઠે વાત માની લીધી. નિયત સમયે બીજે દિવસે બુદ્ધ અને એમના સાથે એમના શિષઅયો શેઠને ત્યાં પહોંચ્યા. શેઠે કહ્યું, 'પ્રભુ, પેઢી દર પેઢીથી અમારી આ હવેલી અને જમીનદારી ચાલી આવે છે. અમારે કશું કરવું જ નથી પડતું. પૂર્વજોએ અમારા માટે એટલી વ્યવસ્થા કરેલી છે અને હજી અમારી પછીની સાત પેઢીને પણ ધન કમાવાની ચિંતા કરવી પડે તેમ નથી.' થોડીવારમાં ભોજન પીરસાતું. ત્યારે બુદ્ધે કહ્યું, 'વત્સ, તમને અગાઉથી જ કહેલું કે અમે તાજું ભોજન જ ગ્રહણ કરીએ છીએ. અમે આ વાસી ભોજન નહીં સ્વીકારી શકીએ.' શેઠે કહ્યું, 'પ્રભુ, કેટલાય કલાકોના પરિશ્રમ બાદ આ ભોજન હજી હમણાં જ બનીને તૈયાર થયું છે. આપ એને વાસી કેમ કહો છો ? બુદ્ધે કહ્યું, 'કારણ કે આમાં તમારા પરિશ્રમથી અર્જિત કશું જ નથી... તમારા પૂર્વજોએ કમાયેલા ધનમાંથી આ બન્યું છે. જે દિવસે તમારી કમાણીમાંથી ભોજન બનશે તે તાજું કહેવાશે. એ દિવસે હું ખુશીથી ભોજન કરવા આવીશ.' આમ કહી, બુદ્ધ ભોજન કર્યા વિના જ તેમના શિષ્યો સહીત વિદાય થયા. શેઠને સાચી વાતની સમજણ પડી.

# લોકડાઉન ખોલવામાં અસમંજસતા

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોનાના સંક્રમણ અને આક્રમણ સામેની રણનીતિ મનેકમને બદલવી પડી છે. સાત સાત અઠવાડિયાંની તાળાબંધીથી સ્વાભાવિક રીતે જ દેશ આખો કંટાળી ગયો છે. આ કઠોર પગલાં સલામતી માટે લેવાયાં છે એની પ્રતીતિ હોવા છતાં કોઈને કાયમને માટે ઘરમાં ગોંધાઈ રહેવું નથી ગમવાનું - એનો સરકારને પણ અહેસાસ થઈ ચૂક્યો છે. આથી કેન્દ્ર સરકારે સંક્રમણનું જોખમ ઉઠાવીને પણ લોકડાઉન હળવું કરવાની અને રાજય સરકારોને સ્થાનિક પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવાની છૂટ આપી છે. મૃત્યુની બીકથી લોકો શરુઆતમાં તો અનુકૂળ થયા, પણ પછી રોજેરોજ વધતા જતા પોઝિટિવ કેસ જોઈ થોડા બેદરકાર પણ બની ગયા. શાહપુરમાં રમજાન નિમિત્તે પણ બહાર નહીં નીકળવાનું પોલીસ-ફરમાન ત્યાંના રહેવાસીઓએ છડેચોક ફગાવી દીધું અને પોલીસ પર કાવતરાં રુપે પથ્થર મારાની ઘટના બની. લાખોની સંખ્યામાં પરપ્રાંતીય શ્રમિકો હવે અહીં ધંધા રોજગારનું મીંડું વળી ગયું છે એમ સમજી લોકડાઉનની ઐસીતૈસી કરી રસ્તા પર ઊતરી આવ્યા. એમને એમની માગણી મુજબ સ્પેશિયલ ટ્રેનો દોડાવી વતન પહોંચાડવાની સરકારને ફરજ પડી. આપણા સૌરાષ્ટ્રવાસીઓ રોજગારની તલાશમાં સુરત જઈ વસી ગયા હતા. એમને સુરતના રેડ ઝોનમાંથી નીકળી વતનનાં ગામડામાં પહોંચી જવાની તાલાવેલી જાગી, જેના પરિણામે સ્પેશિયલ બસો મારફત હજારો માણસો ગામડામાં ઠલવાયા. લોકડાઉનથી નિયંત્રિત થઈ રહેલ કોરોના સંક્રમણ જયાં નહોતું પહોંચ્યું ત્યાં આ શ્રમિકો અને વતન વાપસી કરનારા શહેરવાસીઓને કારણે પહોંચવાની દહેશત વડાપ્રધાનથી લઈ ખુદ એ ગ્રીન કે ઓરેન્જ ઝોન વાળા ગ્રામીણ પ્રદેશોના નિવાસીઓ સેવી રહ્યા છે. સરકાર મજબૂત છે એ કરતાં મજબૂર છે એમ કહેવું વધુ ઉચિત લેખાશે. લોકડાઉન-૩નાં અંતિમ અઠવાડિયા દરમિયાન ગુજરાત સરકારે ઘણા બધા વિસ્તારોને સંપૂર્ણ તાળાબંધી ફરમાવીને કોરોના સંક્રમણની ચેઈન તોડવા ઈમાનદાર પ્રયાસ જરૂર કર્યો છે, પરંતુ બીજી તરફ લોકો હવે સરકારી ફરમાનનો અમલ કરવાના મૂડમાં નથી, એની પણ મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી અને સિનિયહર બ્યુરોક્રેટ્સને ખાતરી થઈ ચૂકી છે. એથી પંજાબ, બંગાળ, તેલંગાણા કે તામિલનાડુના મુખ્યમંત્રીઓની જેમ તેઓ લોકડાઉન લંબાવવાનો અભિપ્રાય આપી શકયા નથી. તબક્કાવાર લોકડાઉન હળવું કરી ધંધારોગદાર ચાલુ કરાવવાનો વ્યૂહ અપનાવાયો છે. તજજ્ઞો કહે છે એમ જો આપણે કોરોના સંક્રમણ સાથે જ જીવવાની રીત શીખી લઈએ તો કોરોના કોરોનાનું કામ કરશે અને આપણે આપણી રોજિંદી પ્રવૃત્તિ કરી શકીશું. કરોડોના આર્થિક નુકશાન અને સંભવિત મંદી તથા બેરોજગારીથી બચવાનો બીજો કોઈ ઉપાયજ નથી. રાજય સરકારો કેન્દ્ર પાસે વધુ ને વધુ મોટી રકમનાં પૅકેજ માગી રહેલ છે. વળી કોરોનાકાળમાં લોકોના જીવ બચાવવાથી લઈ એમને સલામત રીતે વતનવાપસી કરાવવાનું શ્રેય લેવાની પણ જબરી હરિફાઈ જામી છે. આખા બોલાં મમતા બેનરજીએ દો ટૂક શબ્દોમાં વડાપ્રધાનને સંભળાવી દીધું કે આ વૈશ્વિક મહામારીના સમયમાં રાજકારણ રમવું કોઈ પણ રીતે યોગ્ય નથી. સત્તાધારી પાર્ટી તો આફતને તકમાં ફેરવી દેવાની વિશિષ્ટ આવડત ધરાવે છે. આથી વિપક્ષો નાછૂટકે સરકારની ખામીઓ ઉજાગર કરે છે. સોનિયા ગાંધીએ શ્રમિકોનું ટ્રેન ભાડું સરકાર ન આપી શકે તો કોંગ્રેસ પાર્ટી ચૂકવશે એવું વિધાન કરીને શરૂ કરેલું રાજકારણ સત્તાધારી અને વિપક્ષ બેઉને મોંઘું પડી રહ્યું છે. એ સાચું છે કે દરિયાદિલ, નેકદિલ મહાજનો આ મુદ્દે મૂંગા મૂંગા કામ કરતા રહ્યા છે જયારે રાજકીય પક્ષો એકબીજાની વિરુદ્ધ જશ ખાટવા માટે ચડસાચડસી કરી રહ્યા છે.

# લ્યુસીએ પણ જાણે વહુનો જવાબ સાંભળી લીધો હશે, તેની જ આ અસર હોવી જોઈએ



**નવાં કલેવર**

નટવર હેડાઉ

જીવીબા આજ સવારથી બેચેન હતા. માળા ફેરવતાં પણ જાણે ભગવાનનાં સ્મરણમાં તેમનું મન લાગતું ન હતું. પૂજા કરી તુલસી કયારે જળસિંચન કર્યું અને પછી આજુબાજુ જોવા લાગ્યાં.

આજે તેમની ચિંતા ખૂબ જ વધી ગઈ હતી. તેમને શેરીમાં દૂર સુધી નજર દોડાવી. બધું શાંત હતું. કોઈ અવરજવર ન હતી. તુલસી કયારાથી થોડે દૂર બગીચાની દિવાલ પાસેથી ખોદેલી બખોલમાં નાના નાના બચ્ચા ભૂખથી કું... કું... કરી રહ્યા હતા. લ્યુસી બે દિવસથી તેનાં બચ્ચાને ધવડાવતી ન હતી.

જીવીબાને બચ્ચાની દયા આવી. તે સાથે લ્યુસી પર ગુસ્સો પણ આવ્યો. તેમણે ખૂણામાંથી પોતાની લાકડી લીધી અને દૂર બેસી રહેલ લ્યૂસી પાસે ગયા.

'ચાલ, ઊભી થા...' કહેતાં લાકડીનો છેડો અડાડતા આળસ ખંખેરી લ્યુસી બેઠી થઈ અને જાણે જીવીબાની વાત સમજતી હોય તેમ પોતાના બખોલ તરફ ચાલવા લાગી.

માં ને બખોલ તરફ આવતી જોઈ નાનાં નાનાં કુરકુરીયાં દોડતાં દોડતાં તેની નજીક આવ્યા પણ લ્યુસીએ ઘુરકીયું કરતાં તે આમતેમ ભાગવા લાગ્યાં. જીવીબાએ લાકડી જમીન પર પછાડી અને બોલ્યા. 'ચાર બચ્ચાનો દૂધ પીવડાવ.'

લ્યુસી ચૂપચાપ ઊભી રહી. એક ધારી તેમને જોવા લાગી.

'તુ એમ નહીં માને' જીવીબા બોલ્યાં' 'સામે સુઈ જા, દૂધ નથી પીવડાવવું તો બચ્ચાં જણ્યાં શું કામ? ડરની મારી લ્યુસી તેમની સામે સુઈ ગઈ. કુરકુરીયા ધાવવા લાગ્યા.'

જીવીબાના ચહેરા પર આનંદ છવાઈ ગયો. તે ખુશ થયા. પણ પછી અચાનક વિચારવા લાગ્યા. પરમ દિવસે દીકરાની વહુ સાથે થયેલ વાતાચીત તેમને યાદ આવી.

'વહુ, તું આ શું કરે છે ? પોતાના બાળકને બોટલથી દૂધ પીવડાવતાં જોઈ તે બોલ્યાં હતા.'

અત્યારથી બોટલનું દૂધ ? તારું દૂધ કેમ નથી પીવડાવતી ?'

'મમ્મી એ જૂના જમાનાની વાત છે. મારે મારું ફિગર બગાડવું નથી.' વહુએ તોછડાઈથી તેમને કહી દીધેલું.

જીવીબાનો એમ લાગ્યું કે લ્યુસીએ પણ જાણે વહુનો જવાબ સાંભળી લીધો હશે. તેની જ આ અસર હોવી જોઈએ. કેમ કે તે દિવસથી લ્યુસીએ પણ પોતાના કુરકુરીયાને દૂધ પીવડાવવાનું બંધ કરી દીધું હતું.

'મમ્મી, શું કરે છો ? ઘરમાંથી ટીપટોપ તૈયાર થઈ બહાર આવતા વહુએ જીવીબાને પૂછ્યું.'

'એ તો આ... લ્યુસી...'

'લ્યુસી તેના કુરકુરીયાનું ધ્યાન રાખશે. તમે બબલુને સંભાળજો. મારે મોડું થાય છે. મધર્સ ડેનો કાર્યક્રમ છે તેમાં હું જાઉં છું. આયા હજુ આવી નથી ત્યાં સુધી તમે સાચવી લેજો.' કહેતા તે કારની ચાવી હાથમાં ઉછાળતી બહાર નીકળી ગઈ.

જીવીબા ઘડીક લ્યુસી તરફ અને ઘડીક વહુ તરફ જોતાં વિચારી રહ્યાં.

# પ્રસંશકોની દાદને આપણે દાદ તો આપવી જ પડે હો!



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

લગભગ બારેક વર્ષ પહેલાની વાત છે. ચેન્નઈમાં વસવાટ કરતાં ગુજરાતી યુવક-યુવતીઓ અને તેમાંયે ખાસ કરીને કોલેજમાં અભ્યાસ કરતાં ગુજરાતી વિધાર્થીઓ ગુજરાતની, સૌરાષ્ટ્રની અને કચ્છની લોક સંસ્કૃતિથી પરિચીત થાય એ હેતુથી ચેન્નાઈ શહેરમાં એક કાર્યક્રમનું આયોજન થયું હતું. કાર્યક્રમનાં આયોજક હતા ચેન્નાઈ ગુજરાતી સમાજ. કાર્યક્રમમાં લોક સાહિત્ય, લોક સંગીત અને લોક ગીતોની પ્રસ્તુતિ માટે કચ્છનાં એક લોક સંગીતકાર (મૂળ સૌરાષ્ટ્રના) અને તેની સાજીંદા મંડળીને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. લોક સંગીતના એ કાર્યક્રમનું આયોજન એક વિશાળ રંગભવનમાં (auditorium) કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ શરૂ થયો. ઓડિટોરિયમ ભરચક હતું. સૌરાષ્ટ્ર અને કચ્છની લોક સંસ્કૃતિ, લોક સંગીત, લોક વાર્તાઓ, પ્રસંગો અને લોક ગીતોની રમઝટ બોલતી હતી. પ્રેક્ષકો દરેક પ્રસંગે યોગ્ય રીતે કલાકારોને દાદ આપતા હતા. 'વાહ વાહ', 'ક્યા ખૂબ', 'દોબારા', 'વન્સમોર', 'વનમોર' નાં અવાજો સાથે યોગ્ય સમયે તાળીઓનાં ગડગડાટ સાથે પ્રેક્ષકમાં બેઠેલા યુવાનો કલાકારોની પ્રશંસા કરતાં હતા. કલાકારોને એક પ્રકારનો પાનો ચડાવતા હતા. પ્રેક્ષકો અને કલાકારો કાર્યક્રમની પ્રસ્તુતિ દરમ્યાન એકરૂપ થઈ ગયા. બે-સવા બે કલાક કેમ પસાર થઈ ગયા તેની કોઈને ખબર રહી નહિ.

કાર્યક્રમ પૂરો થયો. મુખ્ય કલાકાર મંચ ઉપર પોતાના આસને જ બેસી રહ્યા. એક આયોજક સભ્યએ મંચ ઉપર આવીને આભાર વિધિ કરી અને કાર્યક્રમને પૂરો થયેલો જાહેર કર્યો.

કાર્યક્રમ પૂરો થયેલો જાહેર થયો કે તરત જ પ્રેક્ષકોમાં બેઠેલા યુવાનો રંગભવનની બહાર જવાને બદલે મંચ તરફ સમૂહમાં દોડયા. મુખ્ય કલાકાર જે આસને બેઠા હતા ત્યાં પહોચીને તેઓ તેના હસ્તાક્ષર (ઈૅમ્પ્રાટ્રૅર) મેળવવા માટે પડાપડી કરવા લાગ્યા.

એ મુખ્ય કલાકારે દિલથી, મન દઈને જે કોઈ હસ્તાક્ષર મેળવવા આવ્યા તેઓને આપ્યા. કલાકારે કોઈની ડાયરીમાં આશીર્વચનો લખ્યા, કોઈની ડાયરીમાં પ્રેરણાદાયક શબ્દો લખ્યા તો કોઈની ડાયરીમાં શુભેચ્છાનાં શબ્દો લખ્યા. જેમ જેમ હસ્તાક્ષરો પ્રાપ્ત થતા ગયા એમ યુવાનો ઓડિટોરિયમની બહાર નીકળવા લાગ્યા. કલાકારે ઘણા બધા લોકોને પોતાના હસ્તાક્ષર આપ્યા.

ઓટોગ્રાફ લેવા માટે કોઈ બાકી નથી એવું માનીને કલાકાર પોતાના આસનેથી ઊભા થતાં હતા તે દરમ્યાન અતિ આધુનિક પોષાકમાં સજ્જ એક સુંદર યુવતી કલાકાર પાસે આવી અને મધુર અવાજે વિનંતી કરી "એકસક્યુઝ મી સર, યોર ઓટોગ્રાફ પ્લીજ"

કલાકાર ઘણા બધા ઓટોગ્રાફ આપી ચૂક્યા હતા તેથી અનાયાસે જ તેના મુખમાંથી શબ્દો સરી પડયા "આ સહીઓ કરી કરીને હવે તો હાથ દુખી ગયા છે"

કલાકારનાં સહજ બોલાયેલા શબ્દો 'હવે તો હાથ દુખી ગયા છે' સાંભળીને પેલી યુવતી અસ્સલ કાઠિયાવાડી મિજાજમાં આવી ગઈ અને પ્રતીભાવ આપતા બોલી "તમને દાદ આપી આપીને, તાળીઓ પાડી પાડીને, અમારા પણ બાવડા દુખી ગયા છે "

પોતાના અહેતુક બોલાયેલા શબ્દોનો આ પ્રકારનો પ્રતીભાવ આવે એવી એ કલાકારને અપેક્ષા ન હતી. યુવતીનો પ્રતીભાવ સાંભળીને કલાકાર તો સડક થઈ ગયા. તેને કાપો તો લોહી ના નિકળે એવી તેની હાલાત થઈ ગઈ. યુવતીને શું પ્રતિક્રિયા આપવી તેની તેને સમજ ના પડી. કઈ જ બોલ્યા વિના ચૂપચાપ એ કલાકારે યુવતીની ડાયરીમાં હસ્તાક્ષર કરી દીધા.

એ કલાકાર હતા મૂળ સૌરાષ્ટ્રના પણ વર્ષોથી માંડવી કચ્છમાં સ્થાયી થયેલા લોક સંસ્કૃતિ માટે સતત કાર્યરત અને 'સવાયા કચ્છી' નું બિરુદ પામેલા ગોરધનભાઈ પટેલ 'કવિ' દરેક વ્યક્તિને પોતાના પ્રશંસકો હોય છે. કોઈના પ્રશંસકો બાહોળા પ્રમાણમાં વિશાળ ફલકમાં પથરાયેલા હોય છે, કોઈ વ્યક્તિનાં પ્રશસંકોનો એક નાનો એવો સમૂહ હોય છે તો કોઈ વ્યક્તિનાં ગણ્યા-ગાઠ્યાં પ્રશંસકો હોય છે. પ્રશંસકો હોવા એટલે વ્યક્તિ કલાકાર, લેખક, ગાયક, અભિનેતા, ચિત્રકાર કે નેતા હોય એવું જરૂરી નથી. સામાન્ય વ્યક્તિને પણ પોતાના પ્રશંસકો હોય શકે છે.કોઈ વ્યક્તિની કામગીરી થકી, કોઈ વ્યક્તિની કાર્યશૈલી થકી, કોઈ વ્યક્તિની રહેણી-કરણી થકી, કોઈ વ્યક્તિની વાક્છટા થકી, કોઈ વ્યક્તિનાં વર્તન અને વ્યવહાર થકી તો કોઈ વ્યક્તિની જીવનશૈલી થકી તેનાં પ્રશંસકો ઊભરી આવ્યા હોય છે. સાચા પ્રશંસકો કોઈની પ્રશંશા કરવામાં ભાગ્યે જ કંજુસાઈ કરતાં હોય છે. તેઓ પ્રશંસા કરતાં થાક્તા નથી. પ્રશંશકો જે કોઈ વ્યક્તિનાં ચાહક હોય તેની પ્રશંસા કરવા માટે તક શોધતા રહેતા હોય છે. જ્યારે પણ તક મળે, ખુલ્લા દિલે પ્રશંસા કરતાં હોય છે. મન મૂકીને દાદ આપતા હોય છે અને જ્યાં જ્યાં તક મળે ત્યાં તે પોતે જેમના પ્રશંસક હોય તેમના નામનો પ્રચાર અને પ્રસાર પણ કરતાં હોય છે.

સાચા પ્રશંસકો મોટે ભાગે કોઈ અપેક્ષા વિના, નિઃશ્વાર્થ ભાવે જ પ્રશંસા કરતાં હોય છે. હા, તેઓ એક જ અપેક્ષા રાખતા હોય છે કે પોતે જે વ્યક્તિની પ્રશંશા કરે છે એ વ્યક્તિ પોતાની પ્રશંશાને ધ્યાનમાં લે, તેની નોંધ લે, તેને સ્વીકૃતી આપે. ક્યારેક વન્સમોર કે વનમોરની ફરમાઈશ તો ક્યારેક પેલી યુવતીની જેમ એકાદ ઓટોગ્રાફ ની અપેક્ષા.

આપણાં સાચા પ્રશંશક કે ચાહકનું મૂલ્ય સમજવું અને તેને પૂરું માન-સન્માન આપવું એ પણ આપણાં વ્યક્તિગત જીવનનું એક મૂલ્ય છે. આપણાં સૌના ભલે બેચાર ચાહકો હોય કે હજારો કે લાખો પ્રશંશકો હોય. એ ચાહકોની કદર કરવી આપણી ફરજ બને છે. આપણાં પ્રશાંશકોની દુવાઓ, તેઓની પ્રાર્થનાઓ અને તેઓની શુભેચ્છાઓ થકી જ કદાચ આપણી કલા, આપણું કૌશલ્ય, આપણી શાન અને આપણી શોહરત ટકી રહ્યા હોય એવું બને. કદાચ તેના થકી જ આપણું એશ્વર્ય સદાય ઝળહળતું રહેતું હોય એવું બને. આપણે ભલે મોટા ગજાના વ્યક્તિ ના હોઈએ પણ જે કઈ પ્રશંશા કમાયા હોઈએ તેની પાછળ ભલે થોડા ઘણા પણ આપણાં પ્રશંશકો અને ચાહકોના આશીર્વાદ હોય છે એ ન ભૂલીએ.

આપણાં પ્રત્યેની લોકોની ચાહતને કોઈ જ પ્રકારના ત્રાજવે તોળવી શક્ય નથી. તેઓની ચાહત કે પ્રશંશા તો બે-હિસાબ હોય છે. એ ચાહત એક પ્રકારની લાગણી હોય છે, એક પ્રકારનો અદ્રશ્ય પ્રેમ હોય છે. તેની યોગ્ય સમયે, યોગ્ય કદર કરીએ. આપણાં ચાહક કે પ્રશંશકની કઈ નહીં તો એટલી તો અપેક્ષા હોય જ છે કે અનાયાસે કે અજાણતા પણ તેણે આપેલી દાદને આપણે નજરઅંદાજ ના કરીએ. બીજું કઈ નહી તો છેવટે તેણે આપેલી દાદને આપણે દાદ તો આપીએ જ.

# મહામારીના ભયથી નીકળી અર્થતંત્ર અને ઐક્યનું વિચારીએ



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ફેબ્રુઆરી ૨૦૨૦ બાદ કોઈને પણ કલ્પના ના હોય તેવી આ કોરોના કોવિડ-૧૯ની ભયાનક ત્રાસદી પૂરા દેશમાં આવી અને સરકારને જાણ થતા જ ઝડપથી લોકડાઉનનો નિર્ણય લેવામાં આવ્યો. આ વાઈરસ નવો અને જીવન માટે મૃત્યુ લાવે તે પ્રકારનો હોવાથી ઉપરાંત તેની નક્કર દવા પ્રાપ્ત ના હોવાથી ઘરમાં રહો - સુરક્ષિત રહોના સૂત્ર મુજબ પ્રજાજનો ઘરમાં પુરાઈ રહેવા મજબૂર થયા. લોકડાઉનમાં પ્રજાનો જે સહયોગ મળ્યો મૂળમાં જિજીવિષા જ મુખ્ય રહી, બાકી લોકડાઉનના જે રીતે સમયાંતરે લીરેલીરા ઉડ્યા એ જનહિતના ખતરા માટે પ્રજા તરીકે આપણી હાર જ કહી શકાય!! ઘરમાં રહીને જો આપત્તિ અને દુઃખની લાગણી થતી હોય અને તે પણ મહામારી ના સંકટમાં તો માનવાનું કે આપણે લોકશાહીમાં નિષ્ફળ જ ગયા છીએ. આ સંકટ કંઈ કાયમી નથી રહેવાનું. ઈતિહાસ સાક્ષી છે કે દર સો વર્ષે એકાદ મહામારી આવતી રહી છે અને ફરીથી જનજીવન રાબેતા મુજબ ગોઠવાઈ જાય છે. જયારે સમસ્યા, મુંઝવણ કે કોઈ આપદા આવે ત્યારે નિર્ણય તો લેવો જ પડે છે અને તેને કંઈ રીતે સફળ બનાવવો એ પ્રત્યેક વ્યક્તિની નૈતિક ફરજ બની જાય છે! બધા નિર્ણય સાચા અથવા ખોટા હોતા નથી એ જ તે પરિસ્થિતિને અનુલક્ષીને લીધા હોય છે. મોટી સમસ્યા આ કોરોનાકાળમાં જે નડી તેમાં એક, વ્યસનો ધરાવતા ખૂબ ખુદ હેરાન થયા અને અન્ય લોકોને પણ ભયજનક બન્યા. બીજું કારણ ઉત્પાદન ક્ષેત્રના પરપ્રાંતીય શ્રમિકો પર ધીરજ ગુમાવી જેરીતે પોતાના વતનમાં જવા ઘાંઘા થયા તેનથી પ્રશાસન થાકી ગયું અને આ લોકોને જવા દેવાની કોઈ જરૂરત ના હતી છતાં રાજકારણનો વઘાર તેમાં ધરાર નાંખવામાં આવ્યો. વિકાસના પાયામાં જેની ભૂમિકા પાયાના પથ્થર જેવી હોય તે શ્રમિકોના દિલ-દિમાગમાં ઠેસ વાગે તેવી હકીકતો બને ત્યારે રાષ્ટ્રને જબરૂ નુકસાન થતું હોય છે. શ્રમ એ ઉત્પાદનના ચાર મુખ્ય અંગો પૈકીનું એક અંગ હોય છે. કોઈ પણ ડિઝાસ્ટર આવી પડે ત્યારે શ્રમ અને શ્રમિકને સંભાળવા જ પડે છે તે કેમ કે એ સંવેદનશીલ જીવંત ઘટક છે. શ્રમિકો નારાજ તો માલિક તારાજ - એ યાદ રહ્યું નથી. ગુજરાતમાં રહેલા બીજા રાજયોના શ્રમિકો શરુઆતમાં જયાં હતા ત્યાં રહ્યા તેને રાશન - ભોજન - નિવાસ અને વેતન મળ્યાં પરંતુ એપ્રિલ બાદ માલિકો જ બેકાર થયા તેથી વેતન ચૂકવવામા સક્ષમ ના રહ્યા તો બીજી તરફ તેઓ (મજદૂર) ની પાસે નાણા, ભોજન, રહેવાની ભયંકર સમસ્યા ઊભી થઈ અને તે બાદ મરવું જ પડે તો વતનમાં જઈ ને મરીશું આવી ભાવનાથી તેઓ ભીડમાં ટોળા થઈ ભાગવા લાગ્યા આ અતિકરુણતા હતી.

જે છૂટ શ્રમિકોને લોકડાઉનની શરુઆતમાં મળવી જોઈતી હતી એ અંતે મે માસમાં કચવાતા આપવાની શરુઆત થઈ તો બીજી બાજુ કદાચ ૧૭ મે બાદ કદાચ આંશિક રીતે બધી પ્રવૃત્તિ માટે સંમતિ આપવામાં આવશે ત્યારે ઉત્પાદનવાળા ક્ષેત્રોમાં કામદારો જ નહીં હોય !!

આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ તેમાં આપણી શ્રમનીતિ કયાં ગઈ ? આયોજનની ઉણપ સામે આવી છે. હવે આઈએમએફ જેવી સંસ્થા પણ મહામંદી અને બેકારીના દ્રશ્યની આગાહી કરે છે. વૈશ્વિક રેટિંગ સંસ્થાઓ પણ ડર ઊભો થાય તેવી આર્થિક સ્થિતિની હકીકતો પ્રગટ કરે છે. તેનો અર્થ સરળ ભાષામાં એટલો છે કે આપણો વિકાસ કોરોનાની સુનામીમાં તણાઈ ગયો. અત્રે એ મુદ્દો નોંધપાત્ર છે કે આપણી બધી નીતિઓ તકલાદી હતી જેના મૂળમાં લોકોના ગંદા વ્યસનો ગમે ત્યાં ઊભી થયેલી અવ્યવસ્થિત ગીચ ઝૂંપડપટ્ટીઓ અને માત્ર રાજકીય દ્દષ્ટિએ થતા માનવીનાં મૂલ્યાંકનોના લીધે બધા જ પ્રશ્નો સપારી ઉપર આવી ગયા છે. વિકાસની આપણી વ્યાખ્યા અને મેળવાની પદ્ધતિઓમાં જે ભૂલો રહેલી છે તે સ્પષ્ટ દેખાયું છે.

સંકટ સમયે પણ રાજકીય ક્ષેત્રના તમામ લોકો તટસ્થ વાતોનું પણ સમર્થન કરતા નથી એ દુર્ભાગ્ય આપણા દેશનું છે. આવકો ઘટી જ જવાની ત્યારે બજારને નવી ચેતના કઈ રીતે મળશે. બેંકો મન ફાવે તેમ કશું કરી શકતી નથી ! બેંકોની સક્ષમતા વિવિધ કારણે સર ઘટી રહી છે. નીતિ નિયમો ને પણ નવા જ રુપમાં હવે લાવવા પડશે. સરકારી કર્મીઓના ડીએને ફ્રીઝ કરવા છે તો બીજી તરફ સાંસદોના વેતનમાં વૃદ્ધિ કરવામાં આવી અરે, આ મહામારીમાં જે યોદ્ધા છે તેને તમે કઈ રીતે હવે મૂલવી રહ્યા છો ? અર્થતંત્રને વેગ આપવા લઘુત્તમ પૅકેજ બધા સેકટર માટે ખુબ જ આવશ્યક છે. પરપ્રાંતીય મજૂરોની સ્થિતિ જોઈને દિલ કકળી જ ઉઠ્યું છે. શું આટલી નિસાહાયતા ભારતમાં અને એ પણ એક સંકટ વખતે ?? પ્રજા શિસ્ત જાળવે અને પ્રશાસન પૂરતી મદદ જાહેર કરશે તો કદાચ ઝડપથી અર્થતંત્ર પુનઃ ધબકતું થઈ શકશે. રામ અન જામ બંનેમાં એક નશો હોય એ યાદ રાખવું પણ જરૂરી છે. અનિષ્ઠ રોકવા એ વાસ્તવિક પુણ્ય કર્મ છે.

**શેર આસ્વાદ :**
**કોઈ આંખ જો ભીની થઈ તો**
**કોઈ આંગળી રૂમાલ થઈ ગઈ**